

શ્રી પવાજી દિગંબર જૈન તીર્થક્ષેત્ર - ઉત્તર પ્રદેશ

# પવાગિરિજી (પવા) સિદ્ધક્ષેત્ર



પાવાગિરિ : બારમી શતાબ્દીનું પ્રાચીન મંદિર

- આવાગમન ................. : રેલ્વે સ્ટેશન : તાલ બેહટ - ૧૨ કિ.મી.
  બસ સ્ટેશન : તાલ બેહટ - ૧૦ કિ.મી.
- નજીકનું મુખ્ય શહેર ....... : લલિતપુર - ૫૧ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો ......... : દેવગઢ - ૭૮ કિ.મી., સેરોનજી - ૪૫ કિ.મી., ચંદેરી - ૪૦ કિ.મી., થુબૌનજી - ૮૫ કિ.મી., કરગુંવા - ૫૦ કિ.મી., સોનાગિરિ - ૯૦ કિ.મી.

આ સિદ્ધક્ષેત્રને પવા પણ કહે છે. લલિતપુર જિલ્લામાં પવા નામથી આ ક્ષેત્ર પ્રખ્યાત છે. આ ક્ષેત્ર લલિતપુરથી ૫૧ કિ.મી. રાજય માર્ગ નં. ૨૬ ઉપર આવેલ છે. જવાનો રસ્તો પાકો છે. ક્ષેત્રનું મોટું સાઈનબોર્ડ પણ રોડ ઉપર મૂકેલું છે. ઝાંસીથી ૫ કિ.મી. દૂર કરગુંવા આવે છે અને ત્યાંથી ૪૦ કિ.મી. આગળ જતાં પવાગિરિજી સિદ્ધક્ષેત્ર આવે છે. નિર્વાણકાંડની ગાથા-૧૩ અનુસાર આ સિદ્ધક્ષેત્રનું નામ પવાગિરિજી છે. અહીં દર વર્ષે માગશર વદ-૨ થી માગશર વદ-૫ સુધી મેળો ભરાય છે.

અહીં શ્રી શાંતિનાથ પ્રભુના પદ્માસને કમળની વેદી ઉપર ૫ ફીટના ભવ્ય અને ભાવવાહી પ્રતિમાજી બિરાજે છે. તેમની બાજુમાં શ્રી બાહુબલી ભગવાન કમળની વેદી ઉપર ખડ્ગાસને ૭ ફીટના છે.

ત્રીજી વેદીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પદ્માસને હવે પછી પ્રતિષ્ઠિત થવાના છે. તેમની બાજુમાં બીજા નાના પ્રતિમાજી પ્રતિષ્ઠિત થશે. ભોંયરામાં ખૂબ ઊંડે તદ્દન નાના - ખૂબ જ નાનકડા દરવાજામાં માંડ જઈ શકાય - બેઠા-બેઠા જ જઈ શકાય તેવા ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન કરેલા છે. ભોંયરામાં છ ભગવંતો છે. તે (૧) શ્રી અજીતનાથજી (૨) શ્રી નેમીનાથજી (૩) શ્રી મલ્લિનાથજી (૪) શ્રી પાર્શ્વનાથજી (૫) શ્રી આદિનાથજી અને (૬) શ્રી સંભવનાથજી - પદ્માસન શ્યામ દરેક ૫-૫ ફીટના છે.

પવાગિરિ ચેલણા નદીના કિનારે આવેલું છે. અહીંથી શ્રી સુવર્ણભદ્ર આદિ ચાર મુનિવરો નિર્વાણ પામ્યા હતા. (૧) શ્રી સુવર્ણભદ્ર (૨) શ્રી ગુણભદ્ર (૩) શ્રી મણિભદ્ર તથા (૪) શ્રી વીરભદ્ર મુક્તિ પામ્યા છે.

ધર્મશાળા :- અહીં ધર્મશાળા સારી-રહેવાની પૂરી સગવડતાવાળી છે.

અહીંના મંદિરોનું વર્ણન ટૂંકમાં નીચે મુજબ છે.

મંદિર નં. ૧ : શ્રી શાંતિનાથજીનું મંદિર - અહીં કમળની વેદી ઉપર પદ્માસને ૫ ફીટના પ્રતિમાજી છે.

મંદિર નં. ૨ : શ્રી બાહુબલીજીનું મંદિર - કમળની વેદી ઉપર ખડ્ગાસને શ્રી બાહુબલી ભગવાન ૬ ફીટના છે.

મંદિર નં. ૩ : ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન કરેલા છે.

મંદિર નં. ૪ : શ્રી ચન્દ્ર પ્રભુજીનું મંદિર છે.

મંદિર નં. ૫ : શ્રી મહાવીરજીનું મંદિર છે.

મંદિર નં. ૬ : શ્રી માનસ્થંભજીનું મંદિર - ૪૦ ફીટ ઊંચો માનસ્થંભ છે.

મંદિર નં. ૭ : ક્ષેત્રપાલનું મંદિર છે.

મંદિર નં. ૮ : પાછળ પહાડ ઉપર શ્રી સુર્વણભદ્ર આદિ ચાર મુનિવરોના ચરણકમળ છે.

મંદિર નં. ૯ : ગજરથ વેદી પાસે પ્રાચીન ચોવીસી મંદિર છે.

મંદિર નં. ૧૦ : ક્ષેત્રની સામે પૂર્વ દિશામાં શ્રી સિદ્ધકૂટી સ્થિત ચરણકમળ છે.

મંદિર નં. ૧૧ : ક્ષેત્રની સામે પશ્ચિમ દિશામાં ચેલણા નદીની સામે પાર પર્વત ઉપર સિદ્ધના બે મઠ છે કે જ્યાંથી અનંતાનંત મુનિવરો મુક્તિ પામ્યા છે. તેથી આ ક્ષેત્ર સિદ્ધક્ષેત્ર કહેવાય છે.

અહીંની ધર્મશાળામાં ૫૨ રૂમો પૂરી સગવડતાવાળી છે. વળી, અહીં બજાર પણ છે. તેથી જોઈતી દરેક ચીજ-વસ્તુઓ મળી રહે છે. ધર્મશાળામાં બાથરૂમ, લેટ્રીન, નળ, વિજળી-બધી સુવિધા છે.